# માઓવાદના સફાયા માટે સરકાર પ્રતિબધ્ધ

નવી દિલ્હી,તા. ૨૨

કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકારે દેશના અનેક રાજ્યોમાં પ્રભુત્વ ધરાવનાર અને વારંવાર હુમલા કરીને ભારે નુકસાન પહોંચાડનાર માઓવાદની સમસ્યાનો અંત લાવવા માટે કમર કસી લીધી છે. કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથ સિંહે માઓવાદનો અંત લાવવા માટે નવી આક્રમક નિતી તૈયાર કરવા માટે આદેશ આપી દીધો છે. સરકાર આગામી ત્રણ વર્ષના ગાળામાં જ માઓવાદની સમસ્યાને જડથી ખતમ કરવા માટે ઈચ્છુક છે. આગામી દિવસોમાં માઓવાદ સામે વધુ કઠોર પગલા લેવાની તૈયારી ચાલી રહી છે. આ મામલે તમામ માઓવાદગ્રસ્ત રાજ્યો અને કેન્દ્રિય કેબિનેટની મંજૂરી લેવામાં આવસે. હાલમાં ઈન્ટેલિજન્સ બ્યુરોએ સિંહ સમક્ષ કેટલીક રજૂઆત કરી હતી. જેમા ંજણાવવામાં આવ્યું હતું કે માઓવાદી રક્ષણાત્મક મુડમાં છે. તેમની હિંસાની પ્રવૃતિમાં ઘટાડો થયો છે. બિહાર, ઝારખંડ અને છતિસગઢ જેવા રાજ્યોમાં હજુ પણ માઓવાદી પ્રભુત્વ ધરાવે છે. નક્સલવાદ વિરોધી ઓપરેશને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. નવી નિતીનો મુખ્ય હબેતુ કેટલાક નવા નિયમો નક્કી કરવાનો પણ છે.જ્યાં સુધી માઓવાદી શસ્ત્રો મુકશે નહી ત્યાં સુધી તેમની સાથે કોઈ વાતચીત કરવામાં આવશે નહી. આ ઉપરાંત આ નવી નિતી હેઠળ માઓવાદીઓના ટોપના લીડરોને પકડી પાડવા માટે ખાસ સિક્યુરિટી ટીમ બનાવવામાં આવસે. માઓવાદી હિંસાથી સૌથી પ્રભાવિત રહેલા બક્સરમાં વધારે સુરક્ષા જવાનોની ગોઠવણી પણ કરવામાં આવનાર છે. ઈન્ટેલિજન્સ બ્યુરોના એક વરિષ્ઠ અધિકારીએ નામ જાહેર નહી કરવાની શરતે કહ્યું છે કે નવી નિતિને કેન્દ્રિય ગૃહ મંત્રાલય ટુંક સમયમાં જ માઓવાદી ગ્રસ્ત રાજ્યોની પાસે તેમના અભિપ્રાય મેળવવા માટે મોકલવામાં આવશે. ત્યારબાદ કેબિનેટની મંજૂરી મેળવવામાં આવશે. મંત્રાલયના અધિકારીએ કહ્યુંછે કે નવી નિતી અમલમાં આવી ગયા બાદ જો કોઈ રાજ્ય આનાતી પીછેહટ કરે છે તો તેને આપવામાં આવતી રકમમાં કાપ મુકવામાં આવશે. આ અગાઉ ભાજપે દેશભર માટે એક સમાન નક્સલવાદ નિતી હોવા બદલ ટિકા કરી હતી. હાલમાં માઓવાદી પ્રવૃતિ છેલ્લા ૧૪ વર્ષમાં સૌથી નીચી સપાટી પર છે.



### માઓવાદી પાસે હાલ ૬૦૦૦ સશસ્ત્ર કેડરો

માઓવાદનો ખાતમો બોલાવવા માટેની તૈયારી કેન્દ્ર સરકારે કરી લીધી છે ત્યારે ઈન્ટેલિજન્સ બ્યુરોના આંકડા મુજબ સીપીઆઈ માઓવાદની પાસે હાલમાં ૬૦૦૦ સશસ્ત્ર કેડર છે. જ્યારે જન મિલિશિયાના ૩૬૦૦૦ એવા કેડર છે. તેમની પાસે ૪૦૦૦ રેગ્યુલર અને ૬૦૦૦ દેશી હથિયારો છે. આવી સ્થિતીમાં માઓવાદની સમસ્યામને વહેલી તકે નાબુદ કરવાની બાબત પડકારરૂપ છે. જો કે ઈચ્છાશક્તિ હોવાની સ્થિતીમાં આ સમસ્યા દુર થઈ શકે છે. છત્તિસગઢના સુકમા અને બિજાપુર જિલ્લાની સાથે મહારાષ્ટ્રના ગઢચિરોલી વિસ્તારમાં માઓવાદી સૌથી વધારે પ્રભુત્વ ધરાવે છે. આ વિસ્તારોમાં સૌથી પહેલા કાર્યાવાહી કરવામાં આવે તે જરૂરી છે. છત્તિસગઢના દક્ષિણી વિસ્તારમાં તેમના અડ્ડાઓ છે.

# ચીનને ધ્યાનમાં લઈ ઉત્તરપૂર્વમાં આકાશ મિસાઈલો તૈનાત કરાઈ

નવીદિલ્હી, તા. ૨૨

તેજપુર અને ચાબુઆ ખાતે સૌથી શક્તિશાળી અને અતિઆધુનિક સુખોઈ-૩૦ એમકેઆઈ ફાઈટર વિમાનોની તૈનાતી કર્યા બાદ ભારતે હવે ચીનને ધ્યાનમાં લઈને ઉત્તરપૂર્વમાં આકાશ મિસાઈલો પણ તૈનાત કરી દીધી છે. ભારતે ચીનના જેટ, હેલીકોપ્ટરો અને ડ્રોનને રોકવાના હેતુસર છ આકાશ ભૂમિથી હવામાં પ્રહાર કરતી મિસાઈલો તૈનાત કરવાની શરૂઆત કરી દીધી છે. આ પ્રદેશમાં કોઈપણ દૂસાહસ સામે ભારતે આ રણનીતિ અપનાવી છે. સંરક્ષણ મંત્રાલયના સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે, આઈએએફ દ્વારા છ આકાશ મિસાઈલોની ડિલિવરીની શરૂઆત કરી દીધી છે. કોઈપણ





હવામાનની સ્થિતિમાં ૫૦ કિલોમીટરની રેન્જમાં અનેક મલ્ટીપલ ટાર્ગેટને આ મિસાઈલો નષ્ટ કરી શકે છે. સૂત્રોનું કહેવું છે કે, આઈએએફ દ્વારા ગ્વાલિયરમાં મિરાજ-૨૦૦ બેઝ ખાતે પ્રથમ બે આકાશ સ્કોડ્રોનની તૈનાતી કરી હતી. પુણેમાં સુખોઈ બેઝ ખાતે પણ આવી જ તૈનાતી કરવામાં આવી હતી. કેન્દ્રીય કેબિનેટ દ્વારા મંજુરી મળ્યા બાદ આગામી છ સ્કોડ્રોન ઉત્તરીય સરહદથી કોઈપણ ખતરા સામે રક્ષણ આપવા માટે ગોઠવવામાં આવશે. લાંબા વિલંબ બાદ આખરે ડીઆરડીઓ દ્વારા વિકસિત અને ડિફેન્સ પીએસયુ ભારત ડાયનેમિક્સ દ્વારા તૈયાર કરવામાં આવેલી આકાશ સિસ્ટમ સફળપણે સામેલ કરવામાં આવી ચુકી છે. આના કારણે એસએએમ વિકસિત કરવાને લઈને યોજના હાલ મોકૂફ રાખવામાં આવી છે. આશરે ૩૦૦૦૦ કરોડના ખર્ચે ફ્રાંસ સાથે મેટ્રી શોર્ટ રેન્જની સેમ વિકસિત કરવા ઉપર ચર્ચા પડતી મુકવામાં આવી છે. ઉત્તરપૂર્વમાં આકાશ મિસાઈલની તૈનાતી ખુબ જ મહત્વપૂર્ણ છે. ચીન સામે વિશ્વસનીય તાકાત ઉભી કરવાનો આની પાછળ હેતુ છે. ૪૦૫૭ કિલોમીટર લાંબી વાસ્તવિક અંકુશ રેખા ચીન સાથે ભારત ધરાવે છે. ભૂમિથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ વ્યવસ્થા ખુબ જ મહત્વપૂર્ણ છે. આકાશ મિસાઈલ ખુબ જ અતિઆધુનિક છે. ડ્રેગન ફાયરનો સામનો કરવા માટે આકાશ મિસાઈલ સજ્જ છે. દુશ્મનના વિમાનો, હેલિકોપ્ટરો, ક્રૂઝ મિસાઈલોને આ મિસાઈલ તોડવામાં સક્ષમ છે. બે આકાશ રેજિમેન્ટ સેનામાં સામેલ કરવામાં આવી ચુકી છે જેમાં છ ફાયરિંગ બેટરી અને દરેકમાં સેંકડો મિસાઈલોની વાત છે. આનો ખર્ચ ૧૪૧૮૦ કરોડ રહ્યો છે. ચોક્કસ ઝોનમાં આ મિસાઈલ પડવામાં સક્ષમ છે. ભારતીય નૌકા સેના ભારતીય દરિયામાં ચીની યુદ્ધ જહાજનો સામનો કરવા તૈયાર છે. હવે ચીનની સામે વધુ તાકાત ઉભી કરવા ૫૦૦૦થી વધુ કિલોમીટરથી વધુની રેન્જ ધરાવતી અગ્નિ-૫ મિસાઈલ પણ તૈયાર કરવામાં આવી રહી છે. નવી આર્મી માઉન્ટેઈન સ્ટ્રાઈક કોર્પ્સ પણ ઉભી કરવામાં આવી રહી છે જેમાં ૯૦૦૦૦ સૈનિકો રહેશે. આનો ખર્ચ ૬૪૬૭૮ કરોડ રહેશે. અહેવાલ મુજબ ૨૬૧૫૫ કરોડના ખર્ચે બોર્ડર મિલેટરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ પણ તૈયાર કરવામાં આવનાર છે.

## એલઓપી ગૂંચ : વલણ સ્પષ્ટ કરવા મોદી સરકારને આદેશ

નવીદિલ્હી, તા. ૨૨

તાજેતરમાં વિપક્ષના નેતાના મુદ્દે ભાજપ અને કોંગ્રેસ પાર્ટી વચ્ચે જોરદાર ખેંચતાણ ચાલી રહી છે ત્યારે આજે સુપ્રીમ કોર્ટે પણ આ મામલામાં દરમિયાનગીરી કરીને વલણ સ્પષ્ટ કરવા મોદી સરકારને આદેશ કર્યો હતો. ગવર્નન્સમાં વિપક્ષ હોદ્દાના મહત્વની વાત સુપ્રીમ કોર્ટે કરી હતી જેથી આ મામલે દરમિયાનગીરી પણ કરી હતી. ચીફ જસ્ટિસ આરએમ લોધાના નેતૃત્વમાં બેંચે કહ્યું હતું કે, વિપક્ષના હોદ્દાના નેતાનું ખુબ મહત્વ રહેલું છે. લોકપાલ કાયદા હેઠળ તેનું ખુબ જ મહત્વ છે. જેથી આ મુદ્દે હકારાત્મકરીતે વિચારણા કરવાની જરૂર છે. આ હોદ્દાના મહત્વ ઉપર ભાર મુકતા બેંચે બે સપ્તાહની અંદર આ મુદ્દે વલણ સ્પષ્ટ કરવા કેન્દ્ર સરકારને સુચના આપી હતી. સુપ્રીમ કોર્ટની બેંચે કહ્યું હતું કે, એલઓપી ખુબ જ મહત્વપૂર્ણ મુદ્દો છે જેથી વર્તમાન રાજકીય સ્થિતિના અનુસંધાનમાં આની તરફ ધ્યાન આપવાની જરૂર છે. હાલમાં લોકસભામાં વિપક્ષના કોઈ નેતા નથી. બેંચે ઠેરવ્યું હતું કે, એલઓપીનો મુદ્દો માત્ર લોકપાલ કાયદામાં જ મહત્વપૂર્ણ નથી બલ્કે અન્ય પ્રવર્તમાન કાયદાઓમાં પણ તેનું મહત્વ રહેલું છે. આ મુદ્દાને લાંબા સમય સુધી પેન્ડિંગ રાખી શકાય નહીં. આને કોલ્ડસ્ટોરેજમાં પણ મુકી શકાય નહીં. ૯મી સપ્ટેમ્બરના દિવસે સમગ્ર મામલામાં અંતિમ સુનાવણી હાથ ધરવામાં આવશે. સુપ્રીમ કોર્ટના આદેશને લઈને જુદા જુદા રાજકીય પક્ષોએ પોતપોતાની પ્રતિક્રિયા આપી છે. ૨૪મી એપ્રિલના દિવસે કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં માહિતી આપી હતી કે, લોકપાલના ચેરપર્સન અને સભ્યોની નિમણૂંકના મુદ્દે તે કોઈ તાત્કાલિક નિર્ણય લેશે નહીં. સુપ્રીમ કોર્ટ દ્વારા તેની સામે જારી કરવામાં આવેલી નોટિસના અનુસંધાનમાં કેન્દ્રએ આ આદેશ કર્યો હતો. કોર્ટે ૩૧મી માર્ચના દિવસે લોકપાલના અધ્યક્ષ અને સભ્યોની નિમણૂંક માટે સમગ્ર પસંદગી પ્રક્રિયા સામે પ્રશ્નો ઉઠાવી એનજીઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી ઉપર કેન્દ્ર પાસેથી જવાબ માંગ્યો હતો. આમા સ્ટેની માંગ પણ કરવામાં આવા હતી. સર્ચ કમિટિ અંગે ખુલાસો કરવા કેન્દ્ર સરકારને કહેવામાં આવ્યું હતું. વરિષ્ઠ વકીલ પ્રશાંત ભુષણ મારફતે આ અરજી દાખલ કરવામાં આવી હતી. એલઓપી કેબિનેટ સ્તરના હોદ્દા સમાન છે. વડાપ્રધાનના નેતૃત્વમાં મહત્વપૂર્ણ કમિટિમાં તેનું યોગદાન રહે છે. વડાપ્રધાન નેશનલ કમિટિઓની પસંદગીની જવાબદારી સંભાળે છે.

## એર ઈન્ડિયા ફ્લાઈટને જયપુરમાં ઉતરાણની આખરે ફરજ

નવીદિલ્હી, તા. ૨૨

દિલ્હીથી અમદાવાદ એરઈન્ડિયાની ફ્લાઈટને આજે જયપુરમાં તાકીદે ઉતરાણ કરવાની ફરજ પડી હતી. ઉતરાણ વેળા તકલીફ ઉભી થતાં આ વિમાનને જયપુરમાં ઉતરવાની ફરજ પડી હતી. આ વિમાનમાં ૧૦૩ યાત્રીઓ હતા. દિલ્હીથી અમદાવાદ તરફ જતું આ વિમાન જયપુરમાં ઉતર્યું ત્યારે તેમાં ચકાસણી કરવામાં આવી હતી. સવારે છ વાગે દિલ્હીથી રવાના થયેલા વિમાનમાં ટેકનિકલ ખામી સર્જાઈ ગઈ હતી. તેના લેન્ડિંગ ગીયરમાં તકલીફ ઉભી થઈ હતી. તેમના આગામી પ્રવાસ માટે યાત્રીઓને લઈ જવા માટે દિલ્હીથી અન્ય વિમાન મોકલવામાં આવ્યું હતું જેથી આ વિમાન સવારે નવ વાગે અમદાવાદ પહોંચ્યું હતું. જો કે, યાત્રીઓને કોઈપણ પ્રકારની તકલીફ ન થાય તેવા તમામ પગલા લેવામાં આવ્યા હતા. યાત્રીઓને તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. દિલ્હીથી અમદાવાદ ફ્લાઈટમાં મોટી સંખ્યામાં યાત્રીઓ હોવાથી કેટલાક યાત્રીઓ આ બનાવના કારણે નાખુશ પ ણ દેખાયા હતા. એરબસ ૩૨૧ વિમાનમાં ટેકનિકલ ખામીને દૂર કરવાના પ્રયાસો મોડેથી હાથ ધરાયા હતા.

## ભાજપ તમિળનાડુમાં સ્થિતી મજબુત કરવા માટે સુસજ્જ

નવી દિલ્હી,તા. ૨૨

કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકાર સત્તામાં આવ્યા બાદ હવે જુદા જુદા રાજ્યોમાં પોતાની સ્થિતીને વધુ મજબુત કરવા માટે ભાજપે કમર કસી લીધી છે. જેના ભાગરૂપે હવે તમિળનાડુમાં પણ ભાજપે તેની સ્થિતીને વધારે મજબુત કરવા હિલચાલ હાથ ધરી છે. તમિળનાડુમાં વર્ષ ૨૦૧૬માં વિધાનસભાની ચૂંટણી યોજાય તે પહેલા પક્ષ તેની સ્થિતીને વધારે મજબુત કરવા સજ્જ છે. આના ભાગરૂપે પક્ષના કાર્યકરોનો નેતિક જુસ્સો વધારવા માટે ટુંક સમયમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના નવા પ્રમુખ અમિત સાહ પણ જુદી જુદી રીતે તમિળનાડુ જશે. ભાજપ સામે કેટલીક સમસ્યા છે. જે પૈકી એક સમસ્યા અન્નાદ્રમુકના નેતા અને મુખ્યપ્રધાન જયલલિતા અને ડીએમકેના નેતા એમકે સ્ટાલીનની સરખામણી કરી શકે તેવા નેતાની ઓળખ કરવાની છે. ભાજપના નેતાઓ માની રહ્યા છે કે સ્થિતીમાં હવે સુધારો થઈ રહ્યો છે. ભાજપની સ્થિતી તમિળનાડુમાં મજબુત થઈ છે. વર્ષ ૨૦૦૯માં ભાજપે ૧૮ બેઠકો પર ચૂંટણી લડી હતી. પરંતુ તેની મત હિસ્સેદારી વર્ષ ૨૦૧૪માં ૨.૩૪ ટકાથી વધારીને ૫.૪૮ ટકા થઈ ગઈ છે. વર્ષ ૨૦૧૪માં માત્ર નવ ઉમેદવારો જ ઉતાર્યા હતા. પક્ષની મત હિસ્સેદારી સતત વધી રહી છે. મોદી અને અમિત શાહ ભાજપની તાકાતને વધારવા માટેની તૈયારીમાં છે. તમિળ માછીમારોને લગતા મુદ્દા પર નરેન્દ્ર મોદી બાર મુકી રહ્યા છે. માછીમારોની દુર્દશાને દુર કરવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. ભાજપના નેતાઓ માને છે કે ભૂતપૂર્વ મુખ્યપ્રધાન કરૂણાનિધીના પુત્રો વચ્ચે ખેંચતાણનો ફાયદો થઈ શકે છે. માર્ચ મહિના જ ડીએમકેમાંથી તેમના મોટા પુત્ર એમકે અલાગીરીની હકાલપટ્ટી કરવામાં આવી હતી. અમિત શાહે તાજેતરમાં જ તમિળનાડુ ભાજપ પ્રમુખ તરીકે કુમારી અનંનથાનની નિમણૂંક કરી હતી. પાર્ટી માળકામાં અન્ય મોટા ફેરફાર કરવામા આવી રહ્યા છે.

### શબ્દ સેતુ (પાના નં. ૪ નું ચાલુ)

● ગાંધીનગર સાહિત્ય સભાના પૂર્વ કોષાધ્યક્ષ અને કવિ સુમંતભાઈ શાહને શ્રી હરસાનિજી સારસ્વત સન્માન એવોર્ડ -૨૦૧૪ અન્વયે દ્વિતીય પુરસ્કાર રૂા. ૫૦૧/- જાહેર કરવામાં આવ્યો છે. જે બદલ અભિનંદન!

**કાવ્યસેતુ**

**ગીત વરસાદી**

કાળા વાદળાં ઘેરાયાં, સમય થયો વરસાદી
શુષ્ક હોઠે ભીનાં, ગીત આવ્યાં વરસાદી
કોરું આયુષ્ય ગયું, એની કયાં તક્રાર છે?
કંઈક હતી યાદો, તરબતર રાતો વરસાદી
ગામ-પરગામ, તડકે-છાંયડે, કષ્ટ કરતાં
યાદ આવતાં ઘરની, બે આંખો વરસાદી
બંને ખામોશ, સાથો બોલકો વરસાદ હતો
આજે તો ઝરમર, સાથે સંબંધો વરસાદી
શું આ વરસાદ ઘેલો, શોધે છે મારી જેમ?
કાગળની નાવ વાળાં, ખાબોચિયા વરસાદી

- સંજય થોરાત

# કેરળને ૧૦ વર્ષમાં શરાબ મુક્ત બનાવવા હિલચાલ

થિરુવનંતપુરમ,તા. ૨૨

કેરળમાં કોંગ્રેસ સરકારે કેરળને આગાદી ૧૦ વર્ષમાં શરાબ મુક્ત બનાવવા માટેની તૈયારી કરી લીધી છે. આના ભાગરૂપે નવા પગલા લેવામાં આવી રહ્યા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ કેરળમાં કોંગ્રેસના નેતૃત્વમાં યુડીએફ સરકારે ૧૦ વર્ષમાં કેરળનો શરાબ મુક્ત બનાવવા દરખાસ્ત તૈયાર કરી છે. રાજ્ય સરકારે હવે નવા બાર લાયયન્સ જારી નહી કરવાનો નિર્ણય કર્યો છે. સાથે સાથે જુના લાયસન્સ રિન્યુ ન કરવાનો પણ નિર્ણય કર્યો છે. સાથે સાથે દર વર્ષે ૧૦ ટકા સ્થળોને બંધ કરવામાં આવશે. જ્યાં શરાબનુ વેચાણ કરવામાં આવે છે તેવી ૧૦ ટકા દુકાનોને દર વર્ષે બંધ કરવામાં આવશે. કેરળના મુખ્યપ્રધાન ઓમાન ચંડીએ એક બેઠક બાદ કહ્યું હતું કે યુડીએફ સરકારે સર્વસંમતિથી એવો નિર્ણય કર્યો છે કે રાજ્યમાં શરાબ પર પૂર્ણ રીતે





પ્રતિબંધ મુકવામાં આવે તે જરૂરી છે. યુડીએફના આ નિર્ણયને ટુંક સમયમાં જ રાજ્ય કેબિનેટની બેઠકમાં મંજૂરી આપી દેવામાં આવશે. ત્યારબાદ કેરળમાં હાઈકોર્ટને આ નિર્ણયથી વાકેફ કરવામાં આવશે. આ વર્ષે એપ્રિલમાં સરકારે બે સ્ટાર પેસિલિટીજમાં અપગ્રેડ કરવામાં નિષ્ફળ રહેલા ૪૧૮ બાર બંધ કરવામાં આવ્યા હતા. હવે આ બારના લાયસન્સ રીન્યુ કરવામાં આવશે નહી. આવી જ રીતે ૩૧મી માર્ચ ૨૦૧૫ બાદ બીજા ૩૧૨ બારને લાયસન્સ રીન્યુ કરવામાં આવસે નહી. રાજ્યમાં ૨૩ ફાઈવ સ્ટાર હોટેલને જ લાયસન્સ આપવામાં આવનાર છે. આ ઉપરાંત રાજ્ય સરકારે રિટેલ સેક્ટરમાં શરાબ વેચનાર આઉટલેટ્સને બંધ કરવાનો નિર્ણય કર્યો છે. દર મહિના પ્રથમ દિવસે અને રવિવારે શરાબ વેચવામાં આવશે નહી. સરકાર દર વર્ષે ૧૦ ટકા દુકાનોને બંધ કરવા માંગે છે.આ પગલુ લઈને ઓમન ચંડી સરકારે રાજ્યના અર્થતંત્ર સામે મુશ્કેલ સર્જાય તેવુ પગલુ લીધુ છે. આ નિર્ણયના કારણે ચાંડી સરકારને આઠ હજાર કરોડ રૂપિયાનુ નુકસાન થશે. આ રકમ સરકારના વાર્ષિક અંદાજમાં સીધી અસર કરે છે. મુખ્યપ્રધાન કહે છે કે તેઓ દર વર્ષે ઝડપથી આગળ વધવા માંગે છે. ૧૦ વર્ષમાં કેરળને શરાબ મુક્ત કરાશે.નવી હિલ્ચાલ ભારે ચર્ચા જગાવી રહી છે.

## બીએસએફ ચોકીને ટાર્ગેટ બનાવીને પાકનો ગોળીબાર


જમ્મુ,તા. ૨૨

પાકિસ્તાની સૈનિકોએ ।જે સવારે ફરીએકવાર યુદ્ધવિરામનો ભંગ કરીનો ભારતીય બીએસએફની ચોકીઓ પર ગોળીબાર કર્યો હતો. જેના કારણે તંગદીલી ફેલાઈ ગઈ હતી. પાકિસ્તાની જવાનોએ કોઈ પણ ઉસ્કેરણીવગર ગોળીબાર કર્યો હતો. જમ્મુ જિલ્લામાં આંતરાષ્ટ્રીય સરહદ નજીક ભારતીય ચોકીઓ પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. પાકિસ્તાની રેન્જરોએ જોરદાર ગોળીબાર કર્યા બાદ બારતીય જવાનોએ વાબી કાર્યાવાહી કરી હતી. પાકિસ્તાની સૈનિકોએ આંતરરાષ્ટ્રીય સરહદ પર સતત ગોળીબાર જારી રાખ્યો છે જેથી હવે યુદ્ધવિરામની સમજુતીનો અંત આવે તેવ શક્યતા છે. નરેન્દ્ર મોદી સરકાર હવે આ બિનઅસરાકારક સમજુતીનો અંત લાવી શકે છેતેવી ચર્ચા નિષ્ણાંત લોકોમાં શરૂ થઈ ગઈ છે. પાકિસ્તાને ભારત સાથે સંબંધ સુધારવાની દિશામાં આગળ વધવાના બદલે છેલ્લા ૨૨ દિવસમાં યુદ્ધવિરામનો ૧૮મી વખત ભંગ કર્યો છે.

# ૭૦ ટકા ભારતીયો મોદીની લીડરશીપથી સંતુષ્ટ છેઃ પોલ

નવીદિલ્હી,તા. ૨૨

હાલમાં જ કરવામાં આવેલા નવા પોલમાં દાવો કરવામાં આવ્યો છે કે, ૭૦ ટકાથી વધુ ભારતીય લોકો વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લીડરશીપથી સંતુષ્ટ છે. આશરે ત્રણ મહિના અગાઉ વડાપ્રધાન તરીકેની જવાબદારી સંભાળી લીધા બાદથી તેમની કામગીરીથી ૭૦ ટકા લોકો સંતુષ્ટ દેખાઈ રહ્યા છે. ૭૦ ટકા લોકો માને છે કે, નરેન્દ્ર મોદી અર્થતંત્રને મુશ્કેલ તબક્કામાંથી બહાર કાઢીને અર્થતંત્રને પાટા ઉપર ફરી લાવવામાં સફળ રહેશે. ઈન્ડિયા ટુડે-હંસા રિસર્ચ દ્વારા મૂડ ઓફ નેશન પોલમાં જણાવવામાં આવ્યું છે કે, રાજકીય અર્થશાસ્ત્રીઓમાં કોઈ નિરાશા નથી. ૧૨૪૩૦ લોકોને આવરી લઈને કરવામાં આવેલા આ પોલમાં ભારતીય લોકોએ તેમના અભિપ્રાય આપ્યા હતા. આ લોકોએ મોદીની ભારતીય જનતા પાર્ટીમાં પણ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ત્રણ દશકમાં સૌથી મોટી જીત હાલમાં જ ભાજપને મળી હતી. ભાજપ અને તેના સાથી પક્ષોની મત હિસ્સેદારી પણ જો નવેસરથી ચૂંટણી આજે યોજાય તો ૩૦ ટકાથી વધીને ૪૦ ટકા થઈ જશે. ભારતના ઉથલપાથલવાળા વાતાવરણમાં ભાજપની સ્થિતિ મજબૂત દેખાઈ રહી છે. સત્તામાં આવ્યા બાદથી મોદીએ વારંવાર ભ્રષ્ટાચારનો અંત



લાવવા અને શિસ્તની વાત કરી છે. તેમની સરકારે એશિયાના ત્રીજા સૌથી મોટા અર્થતંત્રને પાટા ઉપર લાવવાની વાત કરી છે. રિકવરીના કેટલાક સંકેત દેખાઈ રહ્યા છે. માર્કેટલક્ષી સુધારાઓની હજુ સુધી જાહેરાત કરાઈ નથી પરંતુ હાલમાં તેઓ ચૂંટણી વચનો પૈકી કેટલાક વચનો પાળી રહ્યા છે.

મોદી છ મહિનામાં અર્થતંત્રને પાટા ઉપર લાવશે તેવો મત કેટલાક લોકો ધરાવે છે. સરકારની ૧૦૦ દિવસની કામગીરીને જોતા લોકો માને છે કે, નરેન્દ્ર મોદી શબ્દો પાળી રહ્યા છે અને મહત્વપૂર્ણ દિશામાં દેશને લઈને આગળ વધી રહ્યા છે. મુસ્લિમોમાં પણ મોદીની પ્રતિષ્ઠામાં સુધારો થયો છે. માત્ર નવ ટકા લોકો હવે તેઓ હિન્દુને વધારે મહત્વ આપે છે તેમ માનતા થયા છે. અગાઉ ૨૨ ટકા લોકોનો આવો અભિપ્રાય હતો. લોકસભામાં ૫૪૩ બેઠકો પૈકી ૧૦૮ બેઠકોને આવરી લઈને આ સર્વે કરાયો હતો.

## સમાચાર ઝલક

- ગરીબોને મળશે પાંચ લાખની હોમ લોન પર વ્યાજની છૂટ.
- કેરલમાં 'હિન્દુઓ' નોકરી માટે અરજી ન કરે તેવી જાહેરાતથી ભારે વિવાદ સર્જાયો.
- ખાંડ ઉદ્યોગ ઘેરા સંકટમાં લે ઓફની પ્રક્રિયા.
- જ્વેલરી ચોરવાના આરોપમાં ટીવી અભિનેત્રી નેહા ઉર્ફે ભાવના વિશ્વ કર્માની ધરપકડ.
- આતંકવાદી હક્કા બંધુઓની જાણકારી આપો અને મેળવો ૩ કરોડનું ઈનામ અમેરિકન સરકાર તરફથી.
- રાની મુખરજીની ઝલક જોવા કોલકત્તાવાસીઓની પડાપડી.
- ૧૮ વર્ષ બાદ લશ્કર જવાનના મૃતદેહ મળતાં રાજકીય સન્માન સાથે અંતિમ સંસ્કાર કરાયા.
- મહેસાણા નજીક કાલરી ગામે અકસ્માતમાં ૩ નાં મોત.
- અર્જુન એવોર્ડ ન મળતા બોક્સર મનોજકુમાર નારાજ.
- જમીન ફાળવણીની કલેક્ટરની સત્તા પરત લેતી રાજ્ય સરકાર
- રૂ. ૨૧૦ કરોડ રૂપિયામાં બનનારી બાજીરાવ મસ્તાની સૌથી મોંઘી ફિલ્મ.
- ખેરાળુમાં એક જ રાતમાં ૧૦થી વધુ દુકાનોના તાળા તોડતી તસ્કર ટોળકી.
- બાળકને મારવાનું અપરાધ નહિ ગણાય : માતા પિતાને રાહત.
- મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી વડોદરાને સેન્ટ્રલ યુનિવર્સિટીનો કેન્દ્રીય દરજ્જો મળશે.
- મેરઠમાં વધુ એક હિન્દુ યુવતી ગુમ. ધર્મ પરિર્તવન કરાવ્યાની શંકા.
- ભારતમાં ૭,૬૦,૦૦૦ મકાનો ખાલી છે : રીઝર્વ બેંકના ગર્વનર.
- રાજકોટમાં ૧૦ ઓફીસ-દુકાનના તાળા તોડી તસ્કરોએ પોલીસ ચોકીમાં તોડફોડ કરી.
- વરસાદની ખેંચથી મોંઘવારી ભડકશે. અનાજના ભાવમાં વધારો.
- ગુજરાતમાં અમેરિકન વીઝા કેન્દ્ર માટે મુખ્યમંત્રીશ્રી આનંદીબેનની માંગણી.